 **ફો. પ. અ. નં. ૮૭/૨૦૨૬.**

દાખલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
રજીસ્ટર તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૧/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

**સત્યમેવ જયતે**

**રાજકોટ જીલ્લાના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં**
**મુકામઃ ધોરાજી**

**ફોજ.પર.અરજી નં. ૮૭/૨૦૨૬.**
**આંક–**

**રમણીકભાઇ જેઠાભાઇ સોંદરવા,**
**ઉ.આ.વ. પ૨, ધંધોઃનોકરી,**
**રહે.પાદરીયા ગામ, તા.જી.જુનાગઢ. .................... અરજદાર.**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થૃ એ.જી.પી.શ્રી, ધોરાજી. .....................સામાવાળા**

**બાબતઃ–મુદ્દામાલ વાહન મોટર સાયકલની વચગાળાની કસ્ટડીએ પરત મેળવવા અરજી**

**અરજદાર તરફે વિ. વ. શ્રી યુ.એમ.સોંદરવા.**
**સામાવાળા સરકારશ્રી તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એમ. પારેખ**

## ચૂ કા દો

**(૧)** અરજદારની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી નં.૧૧૨૧૩૦૯૫૨૫૦૫૪૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૬૪ (૨) (આઇ), ૧૩૭ (૧) (બી), ૧૩૭ (૨), ૮૭ તથા પોક્સો એક્ટની કલમ–૪ મુજબના ગુનાના કામે અરજદારની માલિકીનું મોટર સાયકલ પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ હતું, જેની વચગાળાની કસ્ટડી અરજદાર દ્વારા પરત મેળવવા માટે હાલની આ અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજી અન્વયે વિદ્વાન એડી.પી.પી.શ્રી કે.એમ.પારેખને નોટીસ કરતા તેઓ હાજર થયેલ છે.

**(૩)** આ કામે અરજદારના વિ. વ. શ્રી યુ.એમ.સોંદરવાની એવી રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદારની માલીકીનું હીરો કંપનીનું મોટર સાયકલ સ્પ્લેન્ડર પ્લસ, જેના રજીસ્ટ્રેશન નં. GJ–11–CB–1323 છે તે ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી નં.૧૧૨૧૩૦૯૫૨૫૦૫૪૮ /૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૬૪ (૨) (આઇ), ૧૩૭ (૧) (બી), ૧૩૭ (૨), ૮૭ તથા પોક્સો એક્ટની કલમ–૪ મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ છે. સદર ગુનાના કામે વાહન ધોરાજી પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે, જો વાહનની વચગાળાની કસ્ટડી સોંપવામાં ના આવે તો તેના એન્જીન, ટાયર, ચેસીસ, બોડી અને અન્ય પાર્ટ્સ વિગેરે સડી જાય, બગડી જાય તેમ છે. જેથી ઘણી મોટી નુકશાની થવાની શક્યતા છે. નામદાર સુપ્રિમ કોર્ટના સુંદરભાઇ અંબાલાલ દેશાઇ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો લક્ષમાં લઇ, સદરહું મુદ્દામાલ અરજદારને પરત કરવો જોઇએ. વધુમાં તેઓ જણાવે છે કે, હાલના મુદ્દામાલની આ ગુનાના કામે કોઇ સંડોવણી નથી કે ગુનાના કામે મુદ્દામાલનો કોઇ ઉપયોગ થયેલ નથી. અરજદાર કહેવાતો મુદ્દામાલ કોઇ વ્યક્તિને આ કોર્ટની પરવાનગી વગર ગીરો, બક્ષીસ, વેચાણ કે તબદીલથી કરશે નહી. જેથી અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૪)** સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી કે.એમ.પારેખની એવી રજુઆત છે કે, મુદ્દામાલ અરજદારને સોંપવામાં આવશે તો ફરી આવા પ્રકારના ગુનામાં તેનો ઉપયોગ કરશે અને ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં જરૂર પડ્યે તે રજુ કરશે નહી, કોઇ વ્યક્તિને વેચાણ કરી દે તેવી શક્યતા છે, તે તમામ સંજોગોમાં મુદ્દામાલ મોટર સાયકલ પરત લેવાની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૫)** બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો લક્ષમાં લીધી. આ કામે રજુ થયેલ આર.સી.બુક ધ્યાને લેતા મુદ્દામાલ આ કામના અરજદારની માલીકી અને કબજાનો હોવાનું સ્પષ્ટ થાય છે. નામદાર સુપ્રિમ

કોર્ટે સુંદરભાઇ અંબાલાલ દેશાઇ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

"In our view, whatever be the situation, it is of no use to keep such-sezied vehicles at the police stations for a long period. It is for the Magistrate to pass appropriate orders immediately by taking appropriate bond and suarantee as well as security for return of the said vehicles, if required at any point of time. This can be done pending hearing of application for return of such vehicles."

ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત લક્ષમાં લેતા મુદ્દામાલ વાહન તપાસ પુર્ણ થઇ ગયેલ હોય અથવા તપાસના કામે જરૂરત ન હોય તો વહેલામાં વહેલી તકે વચગાળાની કસ્ટડીમાં આપવા માટેનો આદેશ કરવામાં આવેલ છે. પોલીસ અને મેજીસ્ટ્રેટને આ અંગે પુરતું ધ્યાન રાખવા પણ આદેશ આપવામાં આવેલ છે. જો મુદ્દામાલ મોટર સાયકલ પોલીસ સ્ટેશનમાં પડ્યું રહે તો તેના ટાયર, એન્જીન, ચેસીસ, બોડી તેમજ અન્ય પાર્ટ્સ વિગેરે સડી જાય, બગડી જાય તેમ છે, જેથી મિલ્કતને સંપુર્ણ નુકશાન થવાની સંભાવના છે. આ કામનો મુદ્દામાલ અરજદારની માલીકીનો છે તે આર.સી.બુક જોતા જણાય આવે છે. આમ, નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો લક્ષમાં લઇ અરજદારની માલીકીનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેના રજીસ્ટ્રેશન નં. GJ–11–CB–1323 છે તે અરજદારને વચગાળાની કસ્ટડીમાં સોંપવું વ્યાજબી અને મુનાસીફ માનતો હોય, અરજી લગત નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

<u>**હુ ક મ**</u>

અરજદારની હાલની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે અને ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી નં.૧૧૨૧૩૦૯૫૨૫૦૫૪૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૬૪ (૨) (આઇ), ૧૩૭ (૧) (બી), ૧૩૭ (૨), ૮૭ તથા પોક્સો એક્ટની કલમ–૪ મુજબના ગુનાના કામે અરજદારની માલીકીનું હીરો કંપનીનું મોટર સાયકલ સ્પ્લેન્ડર પ્લસ, જેના રજીસ્ટ્રેશન નં. GJ–11–CB–1323 છે તેની વચગાળાની કસ્ટડી આ કામના અરજદાર **રમણીકભાઇ જેઠાભાઇ સોંદરવાને** સદર કેસનો આખરી નિકાલ થતાં સુધી મુદ્દામાલની કીંમતના દોઢી રકમના જામીન તથા તેટલી રકમના જાતમુચરકા સબંધીત પોલીસ સ્ટેશનમાં રજૂ કર્યેથી, નીચે જણાવેલ શરતોને આધિન

વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો</u> :–**

(૧) અરજદારે સદર મુદામાલ વાહન આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી કોઈપણ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવું કે કરાવવું નહી.

(૨) અરજદારે સદર મુદામાલ વાહનનો ગુનાહિત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કે કરાવવો નહી.

(૩) અરજદારે સદર મુદામાલ વાહનના રંગ, રૂપ, આકાર કે શકિતમાં ફેરફાર કરવો કે કરાવવો નહી.

(૪) અરજદારે સદર મુદામાલ વાહન નામદાર કોર્ટ ફરમાવે ત્યાં અને ત્યારે અચૂક રજુ કરવાનું રહેશે.

(૫) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઓફીસરે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા Sunderbhai Ambalal Desai and C.M.Mudaliar v/s State of Gujarat; (2002) 10 SCC 283 માં જણાવ્યા મુજબ મુદ્દામાલ વાહન જામીન પર છોડતી વખતે જરૂરી પંચનામાં કરી, ફોટોગ્રાફ્સ પડાવી પેપર્સ સાથે સામેલ રાખવા.

(૬) મુદ્દામાલ વાહનના જામીન સબંધીત પોલીસ સ્ટેશને રજૂ કરવા તથા જામીન રજુ કર્યેથી મુદ્દામાલ વાહન ધોરણસર પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) ઉપરોક્ત હુકમની જાણ કરતી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તારીખઃ ૧૧ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬**
**મુકામઃ ધોરાજી.**

**( અલીહુસેન મોહીબુલ્લાહ શેખ )**
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**રાજકોટ એટ–ધોરાજી**
**કોડ નં. જીજે–૦૦૫૨૧**